કોમ્પ્યુટરની ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા કર્મચારીઓ / અધિકારીઓને કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C/ C.C.C.+ ની પરીક્ષામાંથી મુક્તિ આપવા બાબત.

ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ,

ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ-૩-ક

સચિવાલય-ગાંધીનગર

તા.૧૧/૦૯/૨૦૧૯

વંચાણે લીધા:

(૧) સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, તા.૩૦-૦૯-૨૦૦૬

(૨) સા.વ.વિ.ના જાહેરનામા ક્ર:જીએસ/૨૦૦૬/૩૧/ખતપ/૧૦૨૦૦૫/૧૫૧૯/ક, તા.૩૦-૦૯-૨૦૦૬

(૩) સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ-૩-ક, તા.૦૧-૦૪-૨૦૧૭

(૪) સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ-૩-ક, તા.૦૫-૦૫-૨૦૧૮

આમુખ :

રાજય સરકારમાં સીધી ભરતીથી નિમણૂંક પામ્યા બાદ સીધી ભરતીના કર્મચારીઓ / અધિકારીઓએ ઉકત વંચાણે લીધેલ ક્રમાંક (૨) હેઠળના સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦-૦૯-૨૦૦૬ના જાહેરનામાથી ઘડાયેલ કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો હેઠળ અજમાયશી સમય દરમ્યાન તથા ત્યારબાદ બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત C.C.C/C.C.C.+ની પરીક્ષા પાસ કરવી આવશ્યક છે.

છેલ્લા થોડા વર્ષોમાં માસ્ટર્સ ડીગ્રી તથા બેચલર ડીગ્રી લેવલે કોમ્પ્યુટરને લગતી ડીગ્રીઓ ધરાવતા તથા કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો હેઠળની C.C.C/C.C.C.+ પરીક્ષાના નિયત અભ્યાસક્રમ કરતા ઘણી ઉચ્ચ પ્રકારની કોમ્પ્યુટરની લાયકાતો ધરાવતા ઉમેદવારોને ઉકત વંચાણે લીધેલ ક્રમાંક (૩) અને (૪) હેઠળના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવોથી કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C/C.C.C.+ની તાલીમ અને પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપવાનું ઠરાવવામાં આવેલ છે.

સદર બાબતે કોમ્પ્યુટરને લગતા અન્ય ડીગ્રી / અભ્યાસક્રમને પણ કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C/C.C.C.+ની તાલીમ અને પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપવા અંગે રજૂઆત મળેલ હતી. તે સંદર્ભે નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરીની તજજ્ઞ સમિતિ દ્વારા આપવામાં આવેલ અભિપ્રાયને આધારે કોમ્પ્યુટરને લગતી અન્ય ડીગ્રી / અભ્યાસક્રમને પણ કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C/C.C.C.+ની તાલીમ અને પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

આ બાબતમાં કાળજીપૂર્વકની વિચારણાને અંતે રાજય સરકારમાં કોઈપણ સંવર્ગમાં સીધી ભરતીથી નિમણૂંક પામેલ કર્મચારીઓ / અધિકારીઓ કે જેઓ NIELIT(National Institute of Electronics and Information Technology)નાં 'A' Level (Advance Diploma Level)નાં કોર્સનું પ્રમાણપત્ર ધરાવતા હોય તેઓને અજમાયશી સમય દરમ્યાન તથા ત્યારબાદ બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C / C.C.C.+ની પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.એચ.મન્સુરી)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી
માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ

ઉપસચિવશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ
એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ગાંધીનગર
સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર

ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ-૧૫

❖ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

સચિવાલયના સર્વે વિભાગો(સર્વે ખાતાના વડાઓ / ખાતાના વડા હેઠળની કચેરીઓનાં ધ્યાને લાવવાની સુચના સહ)

સીસ્ટમ મેનેજરશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, વેબસાઈટ પર જરૂરી પ્રસિદ્ધિ અર્થે.

નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ

સિલેકટ ફાઇલ.

---

❖ પત્ર દ્વારા.